# હિસાબનિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬૪૫૦

**સને ૨૦૧૯–૨૦ના નાણાંકીય વર્ષ દરમ્યાન પ્રપોઝડ ગ્રાન્ટમાં ખર્ચ કરવા બાબત.....**

## :: પરીપત્ર ::

આ યુનિવર્સિટીમાં કાર્યરત પ્લાન/નોન પ્લાન/આઈ.સી.એ.આર તથા અધર એજન્સી યોજનાઓમાં સને ૨૦૧૯–૨૦ના નાણાંકીય વર્ષ દરમ્યાના રેગ્યુલર ગ્રાન્ટ ફાળવણી થતાં સુધીમાં નીચે પ્રમાણેની સુચનાઓને આધીન રહી પ્રપોઝડ ગ્રાન્ટમાં ખર્ચ કરવા જણાવવામાં આવે છે.

૧. પ્લાન / નોન પ્લાન યોજનાઓમાં નિયમિત પગાર ભથ્થા માટે ૧૦૦% ખર્ચ કરવો તેમજ એલ.ટી.સી. સંદર્ભે ૧૦ દિવસ રજા પગાર તથા એલ.ટી.સી.બીલ પ્રપોઝડ ગ્રાન્ટમાં ૧૦૦% ખર્ચ કરવો,જયારે રેગ્યુલર ગ્રાન્ટ ફાળવવામાં આવે ત્યારે મેડીકલ રીએમ્બેર્સમેન્ટ / મુસાફરી ભથ્થા તથા અન્ય પગાર–ભથ્થા એરીયર્સ ના બીલોના ખર્ચ માટે રજુ કરવા.

૨. કન્ટીજન્સી ખર્ચ માટે ગત નાણાંકીય વર્ષમાં કન્ટીજન્સી સદરે થયેલ કુલ ખર્ચના નોન પ્લાન યોજનાઓમાં ૨૦%ની માર્યાદામાં તથા પ્લાન યોજનાઓમાં ૩૦% ની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે.

૩. આઈ.સી.એ.આર તથા અધર એજન્સી યોજનાઓમાં ફરજ બજાવતા અધિકારી/ કર્મચારીશ્રીઓના નિયમિત પગાર ભથ્થાનો ખર્ચ ગત નાણાંકીય વર્ષમાં પગાર–ભથ્થા સદરે થયેલ કુલ ખર્ચના ૪૦% ની મર્યાદા સુધી જ કરવાનો રહેશે. ત્યારબાદ જો રેગ્યુલર ગ્રાન્ટ મળેલ હશે તો જ રેગ્યુલર પગાર–ભથ્થાના બીલો પાસ કરવામાં આવશે. જયારે કન્ટીજન્સી, અન્ય ભથ્થા બીલો તથા એરીયર્સ બીલોનો ખર્ચ રેગ્યુલર ગ્રાન્ટ ફાળવ્યા પછી જ કરવાનો રહેશે.

૪. જે યોજનાની કામગીરી માટે પ્રવાસ કરવામાં આવે, તેવા પ્રવાસ–ભથ્થાનો ખર્ચ તે જ યોજનાના બજેટ સદરે ઉધારવાનો રહેશે. જેથી તે યોજનામાં કરેલ ખર્ચનો હેતુ જળવાઈ રહે.

૫. ઘણી કચેરી તરફથી શરૂઆતનો બધો ખર્ચ નોન પ્લાન યોજનામાં કરવામાં આવે છે, જયારે પ્લાન યોજનામાં ખર્ચ નહીંવત કરવામાં આવે છે, જે વ્યાજબી નથી. સરકારશ્રી તરફથી પ્લાન યોજનાના ખર્ચની સમીક્ષા દર માસે કરવામાં આવતી હોય, પ્લાન યોજનામાં ઓછો ખર્ચ થતાં આ અંગે સરકારશ્રીમાં ખુલાશાઓ આપવા પડે છે. આથી જે કચેરીમાં પ્લાન યોજના હોય તેવી કચેરીએ આયોજન પૂર્વક પ્લાન યોજનામાં ગ્રાન્ટની મર્યાદામાં નિયમિત ખર્ચ કરવાનો રહેશે.

૬. જે કચેરીઓમાં આઈ.સી.એ.આર તથા અધર એજન્સી યોજનાઓ ચાલતી હોય, તેવી યોજનાઓની ગ્રાન્ટ સમયસર મેળવવા યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીએ પૂરતા પ્રયત્નો કરવાના રહેશે, ફંડ મેળવવા અંગે હાફ ડીમાન્ડ આ કચેરી મારફત જે તે ફંડીગ ઓથોરીટીને સમયસર મોકલી આપવાની રહેતી હોય, જે તે યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીએ આ બાબતે અંગત કાળજી રાખી સમય મર્યાદામાં આ કચેરીને રજુ કરી આપવાંની રહેશે.

૭. સરકારશ્રી તરફથી નોન પ્લાન યોજનામાં પગાર ભથ્થા પૂરતી જ ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોવાથી વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન નોન પ્લાન યોજનામાં ફકત આવશ્યક ખર્ચ સિવાય અન્ય કોઈ ખર્ચ કરવો નહી, તેમજ જે તે યોજનાની આવક તે જ યોજનામાં જમાં થાય તેની કાળજી કચેરી વડાએ રાખવાની રહેશે.

૮. નોન પ્લાન યોજનામાં વધુ ને વધુ આવક જમા થાય તે અંગે યોજનાના વડા / કચેરીના વડાશ્રીએ તમામ પ્રયત્નો કરવાના રહેશે.

૯. ઉપરોકત વિગતે પ્રપોઝડ ગ્રાન્ટમાં કરેલ ખર્ચ સને ૨૦૧૯–૨૦ ના વર્ષ માટે ફાળવવામાં આવનાર રેગ્યુલર ગ્રાન્ટ સામે સરભર કરી લેવાનો રહેશે.

**સદરહુ પરિપત્ર માન. કુલપતિશ્રીની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવેલ છે.**

હિસાબનિયામક

જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/બજેટ–૧/ ૨૩૨૬ /૨૦૧૯.
નવસારી. તારીખઃ–૦૨/૦૪/૨૦૧૯.

**નકલ સવિનય રવાના :**

૧.સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જણ થવા સારૂ.
૨. સર્વે યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ, નકૃયુ., નવસારી તરફ અમલ થવા સારૂ.
૩. આ યુનિવર્સિટીના તમામ કચેરીના વડાશ્રીઓની તરફ અમલ થવા સારૂ.